શિક્ષણ વિભાગ હેઠળની બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળા / કોલેજોમાં રોસ્ટરના અમલ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ પવટ- ૩૧૦૦-૪૯૬-આર**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૯-૫-૨૦૦૬.

**વંચાણે લીધા :**

(૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગનો તા. ૨૪/૧૨/૭૧ નો ઠરાવ ક્રમાંકઃ બીસીઇ-૩૪૭૧- જે(સેલ-૫૦૨૩-(સી),

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૮/૩/૯૯ નો ઠરાવ ક્રમાંકઃ પવસ-૧૬૯૬-૮૭૮-ગ.૪

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો પત્ર તા.૧૮-૫-૨૦૦૨.

**આમુખ ::-**

પ્રવર્તમાન નીતિ અનુસાર શિક્ષણ વિભાગ હેઠળની બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ / કોલેજોમાં દરેક સંવર્ગવાર અને વિષયવાર રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહે છે. છૂટી છવાઇ એકલદોકલ જગા માટે જુથ બનાવી તેનો અમલ કરવાની જોગવાઇ સંદર્ભ(૧) માં દર્શાવેલ તા.૨૪-૧૨-૭૧ ના ઠરાવથી કરવામાં આવેલી છે. પરંતુ બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળા / કોલેજોમાં શિક્ષકો / વ્યાખ્યાતાઓની સંખ્યા ઓછી હોવાથી તથા અલગ અલગ વિષયના શિક્ષકો / વ્યાખ્યાતાઓ માટે શૈક્ષણિક લાયકાત અલગ હોવાથી આવી જગાઓના જુથ બનાવી શકાતા નથી. પરિણામે હાલની નીતિ પ્રમાણે શાળા / કોલેજોના વિષયવાર શિક્ષકો તથા વ્યાખ્યાતાઓના રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાથી અનામત નીતિનો અસરકારક અમલ થતો નથી. આથી બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ / કોલેજોમાં રોસ્ટરનો અસરકારક અમલ થઇ શકે તે હેતુથી સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૪-૧૨-૭૧ ના ઠરાવના ફકરા (૧૦)માં સુધારો કરી શિક્ષણ વિભાગ હેઠળની બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળા/ કોલેજને યુનિટ ગણી શિક્ષકો /વ્યાખ્યાતાઓનું જુથ બનાવવાની મંજુરી આપવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો.

**ઠ રા વ ::-**

સરકારશ્રીની કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે શિક્ષણ વિભાગ, હસ્તકની બિન-સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શૈક્ષણિક સંસ્થાઓ (શાળા-કોલેજો)માં શાળા / કોલેજને એક યુનિટ ગણી દરેક શાળા / કોલેજમાં જે તે વિષયવાર રોસ્ટર રજીસ્ટર નિભાવવાના

બદલે જે તે શાળા / કોલેજ હેઠળના તમામ વિષયના શિક્ષકો / વ્યાખ્યાતાઓની કુલ સંખ્યા ધ્યાને લઇ રોસ્ટરના અમલ માટે એક જુથ બનાવવાનું તથા શિક્ષકો / વ્યાખ્યાતાઓનુ એક જુથ ગણી દરેક શાળા / કોલેજ માટે આ જૂથની જગ્યાઓને આધારે અનામતની ટકાવારીનું પ્રતિનિધિત્વ જાળવવાનું અને તે માટે દરેક શાળા / કોલેજ દીઠ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. તદ્ અનુસાર શિક્ષણ વિભાગે બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળા / કોલેજોમાં શિક્ષકો / વ્યાખ્યાતાઓનું શાળા / કોલેજને યુનિટ ગણી રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવામાં આવે અને તેની યોગ્ય જાળવણી કરવામાં આવે તેનું નિયંત્રણ રાખવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૬-૫-૦૬ ના રોજ અનુમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. એલ. તબિયાર )
સરકારના નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સર્વે મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના તમામ વિભાગો
સર્વે ખાતા/કચેરીના વડાઓ
વિભાગની સર્વે શાખાઓ
રાજય સરકાર હેઠળના તમામ માન્ય મંડળો
સિલેકટ ફાઇલ.